## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... બર્ડ ફ્લુનાં કારક એવા બધા ચાઈનીઝ મરઘા મારી નાખ્યા... હવે તમે કહો તો બીજા સાદા મરઘા પણ મારીને, સાહેબ આવે તે પહેલાં 'કેશલેસ' ઉપરાંત 'મીટ લેસ' બનાવી દઈએ...

# મહાત્મા મંદિરે મોક-ડ્રીલ યોજાઈ

ગાંધીનગર, તા. ૪

આઠમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૧૦ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ દરમ્યાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ સમિટ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સહિત દેશ-વિદેશના ઉધોગપતિઓ સાથે અનેક મહાનુભાવો આવવાના છે. જેમની સુરક્ષા વ્યવસ્થાને લઈ જિલ્લા કલેકટર સતીશ પટેલની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર અને સેકટર-૧૭માં આવેલા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો-૨૦૧૭ના સ્થળે અચાનક ઉભી થનારી આફતો- પરિસ્થિતિ પર કાબુ મેળવવાની મોકડ્રીલ યોજવામાં આવી હતી.







આ મોકડ્રીલનો આરંભ મહાત્મા મંદિરના મુખ્ય હોલથી કરવામાં આવી હતી. હોલના મુખ્ય ભાગમાં આગ લાગે તો કેવી રીતે કંટ્રોલમાં લેવી, બોમ્બ કે અન્ય કોઈ આફત આવે તો તેવા સંજોગોમાં કેવી રીતે સંબંધિત તંત્રએ કામ કરવાનું થાય તેની મોકડ્રીલ યોજાઈ હતી. તેમજ આ પરિસ્થિતિમાં મહાનુભાવો અને મુખ્ય હોલમાં રહેલા સર્વે વ્યક્તિઓને કેવી રીતે ઝડપી બહાર નીકાળી શકાય તેવી તમામ બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ ગાંધીનગર કલેકટર સતીશ પટેલે કર્યું હતું.

તે પછી વી.વી.આઈ.પી. ભોજકક્ષ તથા અન્ય ભોજન કક્ષમાં અને મીઠાના ઢગલાની નજીકમાં આવેલા નર્મદા ડાયનીંગ હોલ ખાતે પણ ઉપરોક્ત મોકડ્રીલ યોજવામાં આવી હતી. આ મોકડ્રીલ દરમ્યાન ફાયર બ્રિગ્રેડની ટીમ, એન.ડી.આર.એફની ટીમ, પોલીસ જવાનો, આરોગ્ય તંત્રની સતર્કતા અને કેટલા સમયમાં આ તમામ ટીમો ઘટના સ્થળે પહોંચી હતી, તેના સમયની પણ નોંધ કરવામાં આવી હતી.

આજ પ્રકારની મોકડ્રીલ સેકટર-૧૭માં આવેલા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો- ૨૦૧૭ ખાતે પણ યોજવામાં આવી હતી.

## વાયબ્રન્ટમાં હોસ્પિટલની ૧૨ ટીમો તૈનાત રહેશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરને ચારેકોરથી સજાવાયું છે. વાયબ્રન્ટમાં કોઈપણ જાતની કચાશ રહી ન જાય તે માટે અધિકારીઓ સતત માર્ગદર્શન આપી રહ્યા છે. કર્મચારીઓ ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. વાયબ્રન્ટ સમિટને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે આરોગ્યલક્ષી સેવાની જવાબદારી પણ શહેરની હોસ્પિટલના શીરે મુકવામાં આવી છે. ત્યારે વાયબ્રન્ટને અનુલક્ષીને કુલ-૧૨ મેડીકલની ટીમ તૈયારી કરવામાં આવી છે. જયારે હોસ્પિટલ ખાતે પણ ખાસ અલાયદા ત્રણ વોર્ડ ઉભા કરાયા છે.

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટને પગલે ગાંધીનગર હોસ્પિટલ દ્વારા મહાત્મા મંદિર ખાતે મેડીકલ ઓફિસર, નર્સ તેમજ જરુરી દવાઓ સાથે કર્મચારીઓ હાજર રહેશે. જયારે મહાત્મા મંદિરમાં પ્રેવશવાના તમામ ગેટ પર મેડીકલની ટીમો સેવામાં હાજર જોવા મળશે. જયારે વાયબ્રન્ટમાં નક્કી કરાયેલા પાર્કીંગ પેલેસ ખાતે પણ તકેદારી માટે ટીમો મુકવામાં આવી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા કુલ ૧૨ ટીમો બનાવાઈ છે તેમાં ૩ ટીમો સ્પેશિટલ વીવીઆઈપી કેટેગરીની છે. ૯ ટીમ વીઆઈપી કેટેગરી ની છે. આ ઉપરાંત ગાંધીનગર સિવિલ ખાતે બેઝ હોસ્પિટલ પણ તૈયાર કરાશે તેમજ તમામ વિભાગના એચઓડી હાજર રહેશે. વાયબ્રન્ટને પગલે હોસ્પિટલ તંત્ર દ્વારા તમામ કર્મચારીઓની પાંચ દિવસ પુરતી રજાઓ કેન્સલ કરી દેવામાં આવી છે. હોસ્પિટલ સંકુલમાં પણ ખાસ ત્રણ વોર્ડ તૈયાર કરાયા છે જેમાં એક વોર્ડમાં કુલ ૩૦ દર્દીને સરળતાથી સારવાર મળી રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે.



ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરની પ્રા. શાળા નં. ૯માં ફરજ બજાવતા શ્રીમતિ પ્રીતિબેન ગાંધીની પસંદગી ચિત્રકુટ એવોર્ડ માટે થઈ છે. જે જાણીતા રામાયણી સંત પૂ. મોરારીબાપુના હસ્તે તેમને એનાયત થયો છે.

## મનપાના કાઉન્સીલરોની ગ્રાન્ટના કામોને મંજૂરી કેમ નથી અપાતી : શૈલેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકામાં કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરો સાથે દ્વેષભાવપૂર્ણ નીતિ અપનાવી કાઉન્સીલરને મળતી વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાંથી સૂચવાયેલા કામોને મંજૂરી આપવામાં આવતી નથી તે સામે વિપક્ષી નેતાએ આજે ગંભીર આક્ષેપો કર્યા છે.

કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે રાજકીય કિન્નાખોરી દાખવવાની પણ મર્યાદા હોય છે. નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં છે છતાં આ મંજૂરી નહિ આપવા

● અનુસંધાન પાના - ૭ પર

## શહેરના ગેસ્ટ હાઉસ હાઉસફુલ

### વાયબ્રન્ટને પગલે ગેસ્ટહાઉસ બુક થઈ ગયા છે, જયારે માલિકોએ પણ ભાડામાં વધારો ઝીંક્યો છે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં આગામી તા.૯ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન વાયબ્રન્ટ સમિટ યોજાવાની છે. ત્યારે ગાંધીનગરને ચારેકોરથી શણગારવામાં આવ્યું છે. જયારે મોંઘેરા મહેમાનો શહેરના મહેમાન બનવાના હોવાથી શહેરના તમામ ગેસ્ટ હાઉસ પર હાઉસફુલના પાટીયા લટકી રહ્યા છે. જયારે કેટલાક ગેસ્ટહાઉસ માલિકોએ તો રૂમાના ભાડામાં પણ તોંતિગ વધારો ઝીંકી દીધો છે. ત્યારે ગેસ્ટ હાઉસ ન મળતા કેટલાક મહેમાનોને તો ખાનગી મકાનો પણ પાંચ દિવસના ભાડા પેટે રાખવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટ સમિટ શરુ થવાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા વાયબ્રન્ટની તમામ તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે. વાયબ્રન્ટને અનુલક્ષીને તમામ વિભાગો હરકતમાં આવી ગયા છે. શહેરને રોશનીથી ઝળહળતું કરી દેવામાં આવ્યું છે. એકઝીબેશન હોલમાં વિવિધ સ્ટોલ નિહાળવા માટે લાખો નાગરીકો શહેરના મહેમાન બનવાના છે. શહેરમાં પાંચ દિવસ અનોખુ માનવ મહેરામણનું વાતાવરણ જામશે. તંત્ર દ્વારા શહેરના માર્ગો તેમજ ખુણેખાંચરેથી કચરો તેમજ ગંદકી હટાવીને નગરને સ્વચ્છ બનાવાયું છે. વાયબ્રન્ટ નિહાળવા મોટીસંખ્યામાં મહેમાનો આવવાના હોવાથી નગરની હોટલો તેમજ ગેસ્ટ હાઉસ અગાઉથી બુક થઈ જવા પામે છે. જે ગેસ્ટ હાઉસ વર્ષ દરમિયાન ખાલીખમ લાગતા હોય છે ત્યાં પણ ચહલપહલ વધી ગઈ છે. શહેરના મોટાભાગના ગેસ્ટહાઉસ પર હાઉસફુલના પાટીયા લટકી રહ્યા છે. જયારે કેટલાક ગેસ્ટ હાઉસ માલિકો દ્વારા ઉંઘાટી લુંટ ચલાવાઈ રહી છે. વાયબ્રન્ટમાં આવતા બહારગામના મહેમાનો પાસેથી રૂમના ભાડા પેટે મોં માંગ્યું ભાડુ વસુલવમાં આવી રહ્યાનું શહેરમાં ચર્ચાઈ રહ્યું છે. ત્યારે કેટલાક નાગરીકો ખાનગી મકાનો પાંચ દિવસ માટે એડવાન્સ ભાડુ આપીને રાખી રહ્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

